**શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
**માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ**
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા** નું પેપર
**સવાલ સાથે જવાબ પેપર**
તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૨** • ગુણ : ૧૦૦
(Dharmik Shikshan Board Certificate Course **Level : 2**

પ્રશ્ન - ૧ :(ક) નીચેના પાઠની પૂર્તિ કરો : (કોઈ પણ છ લખો) (૨૪) ૪૧

(૧) અબંભના .................................... પજ્જુવાસામિ

જ : ક (૧) અબંભના પચ્ચક્ખાણ મણિસોવનનાં પચ્ચક્ખાણ માલાવન્નગ વિલેવણના પચ્ચક્ખાણ સત્થ મુસલાદિક સાવજ્જ જોગનાં પચ્ચક્ખાણ જાવ અહોરત્તં પજ્જુવાસામિ.

(૨) ત્રસ જીવ .................................... સઅપરાધી

જ : (૨) ત્રસ જીવ બેઈન્દ્રિય તેઈન્દ્રિય ચઉરિંદ્રિય પંચેન્દ્રિય જીવ જાણીપ્રીછી સ્વ સંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી વિગલેન્દ્રિય વિના આકુટ્ટી.

(૩) પસીયંતુ .................................... બોહિલાભં

જ : (૩) પસીયંતુ કિત્તિય વંદિય મહિયા જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા આરુગ્ગ બોહિલાભં

(૪) દંતણવિહિં .................................... ધૂપવિહિં

જ : (૪) દંતણવિહં ફલવિહિં અબ્ભંગણવિહિં ઉવ્વટ્ટણવિહિં મજ્જણવિહિં વત્થવિહિં વિલેવણ વિહિં પુષ્ફવિહિં.

(૫) સામાઈએ .................................... બારસ

જ : (૫) સામાઈએ તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં પંચણ્હં મણુવ્વયાણં તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં બારસ.

(૬) અનર્થ દંડનુ .................................... પાવકમ્મોવએસં

જ : (૬) વેરમણં ચઉવ્વિહે અણત્થા દંડે પન્નતે તં જહા અવજ્ઝાણાચરિયં પમાયાચરિયં હિંસપ્પયાણં પાવકમ્મોવએસં.

(૭) પયાહિણં.................................... ચેઈયં

જ : (૭) પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ.

(૮) દંતવાણિજ્જે .................................... અસઈ જણ પોસણયા

જ : (૮) દંતવાણિજ્જે કેસ વાણિજ્જે રસ વાણિજ્જે, લક્ખવાણિજ્જે વિસવાણિજ્જે જંતપીલણ કમ્મે નિલ્લંછણ કમ્મે.

(૯) ખાતરખણી .................................... નભરમી

જ : (૯) ખાતરખણી ગાંઠડી છોડી તાળું પર કુંચીએ કરી પડી વસ્તુ ધણીયાતી જાણી ઇત્યાદિક મોટકું અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ સગાસંબંધી તથા વ્યાપાર સંબંદી નભરમી.

(૧૦) સુદિટ્ઠ .................................... સમ્મતસ્સ

જ : (૧૦) સુદિટ્ઠ પરમત્થ સેવણા વાવિ વાવન્ન કુદંસણ વજ્જણા સમ્મત્ત સદ્દહણા એવા સમકિતના સમણોવાસએણં સમ્મત્તસ્સ.

(ખ) **નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : (કોઈ પણ આઠ)** (૮)

(૧) મક્ખય **જવાબ : અક્ષય - ક્ષય રહિત**

(૨) લોગ નાહાણં **જવાબ : લોકના નાથ**

(૩) પાસં **જવાબ : શ્રી પાર્શ્વનાથ સ્વામીને**

(૪) આણાએ **જવાબ : વીતરાગ દેવની આજ્ઞાનુસાર**

(૫) નમંસામિ **જવાબ : પાંચ અંગો નમાવીને**

(૬) પણગ **જવાબ : પંચવર્ણી લીલફૂગ - સેવાળ**

(૭) ભમલીએ **જવાબ : ચક્કર આવવાથી**

(૮) પયાસયરા **જવાબ : પ્રકાશના કરનાર**

(૯) મોણેણં **જવાબ : વચન દ્વારા મૌન રહીને**

(૧૦) નિયમં **જવાબ : મારા (ધારેલા) નિયમની**

(ગ) **નીચેના ગુજરાતી શબ્દોનું માગધી લખો : (કોઈ પણ છ)** (૬)

| | | | |
|---|---|---|---|
| (૧) લોકમાં ઉત્તમ | **જવાબઃ લોગુત્તમાણં** | (૫) ત્રણ યોગથી | **જવાબઃ તિવિહેણં** |
| (૨) સૂક્ષ્મપણે | **જવાબઃ સુહુમેહિં** | (૬) મને બતાવો | **જવાબઃ મમ દિસંતુ** |
| (૩) પ્રસન્ન થાઓ | **જવાબઃ પસીયંતુ** | (૭) ન હોય તો | **જવાબઃ ન ભવઈ** |
| (૪) ઉપદ્રવ રહિત | **જવાબઃ સિવ** | (૮) ધ્રાસકો પમાડ્યો હોય | **જવાબઃ ઉદ્‌વિયા** |

(ઘ) **સામાયિકનો દોષ લખો :** (૩)

(૧) મનનો ચોથો, વચનનો પાંચમો, કાયાનો આઠમો.

**જ : (૧) ૧. મનનો ચોથો : ગર્વ - સામાયિકમાં અભિમાન કરવું કે મેં જ સામાયિક કરી છે એવો મદ રાખવો.**

**૨. વચનનો પાંચમો - કલહ - કલેશકારી વચનો બોલવા.**

**૩. કાયાનો આઠમો - મોટન - હાથ-પગના ટચાકા ફોડે અથવા ફોડાવે.**

---

**પ્રશ્ન - ૨ :(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ અગિયાર)** (૧૧) ૧૯

(૧) કરણ કોને કહે છે ?

**જ : (૧) કરણ એટલે ક્રિયાનું સાધન અથવા હેતુ. કરણ ત્રણ છે. કરવું, કરાવવું અને અનુમોદવું.**

(૨) નમોત્થુણં પાઠમાં મોક્ષની વિશેષતા બતાવતા શબ્દો લખો.

**જ : (૨) શિવ, મચલ, મરૂય, મણંત, મક્ખય, મવ્વાબાહ અને મચુણરાવિતી એ ૭ શબ્દો દ્વારા મોક્ષની વિશેષતા બતાવેલ છે.**

(૩) માખીને કેટલી ઇન્દ્રિય છે ? કઈ કઈ ?

**જ : (૩) માખીને ૪ ઇન્દ્રિય છે. કાયા, જીભ, નાક અને આંખ.**

(૪) શ્રાવકને કેટલી કોટિએ પચ્ચક્ખાણ હોય ?

**જ : (૪) ૬ કોટીએ.**

(૫) સામાયિકમાં આઠમો પાઠ શેના વિશેનો છે ?

**જ : (૫) સામાયિકમાં જાણતાં કે અજાણતાં લાગેલા દોષોની આલોચના કરી માફી માગવા વિશેનો છે.**

(૬) ચઉવીસંથો સ્તવ શા માટે છે ?

**જ : (૬) ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી હોવાથી લોગસ્સને ચતુર્વિંશતિ સ્તવ અર્થાત્ ચઉવીસત્થો પણ કહે છે.**

(૭) નમોત્થુણં સૂત્રના બીજા ક્યાં ક્યાં નામ છે ?

**જ : (૭) શક્રસ્તવ અને પ્રણિપાત સૂત્ર.**

(૮) તીર્થંકરને શેની ઉપમા આપવામાં આવી છે ?

**જ : (૮) ચંદ્ર, સૂર્ય અને સાગરની.**

(૯) સામાયિકમાં કયા પાઠથી તીર્થંકર નામની સ્તુતિ થાય છે ?

**જ : (૯) લોગસ્સના પાઠથી.**

(૧૦) કાઉસગ્ગ એટલે શું ?

**જ : (૧૦) કાઉસ્સગ્ગ એટલે શરીરને સ્થિર રાખવું અને શરીરના રાગનો ત્યાગ કરવો.**

(૧૧) ત્રીજો પાઠ આપણને શું શીખવે છે ?

**જ : (૧૧) ત્રીજો પાઠ આપણને નીચે જોઈને ચાલવાનું, જીવોની દયા પાળવાનું શીખવે છે.**

(૧૨) પાવાણં - કમ્માણં એટલે શું ? તે કેટલાં છે ?

**જ : (૧૨) પાવાણં એટલે પાપ તે ૧૮ છે. કમ્માણં એટલે કર્મ તે ૮ છે.**

(૧૩) ગરિહામિ એટલે શું ?

**જ : (૧૩) ગરિહામિ એટલે ગુરુસાક્ષીએ દોષોની આલોચના.**

(ખ) જોડી બનાવો : (૪)

| | <u>અ</u> | | <u>બ</u> | |
|---|---|---|---|---|
| (૧) | આલોચના સૂત્ર | - | જૈન સાધુ | **જવાબ : ઈરિયાવહિયં** |
| (૨) | શલ્ય | - | છૂટ | **જવાબ : કાંટો** |
| (૩) | દીક્ષા | - | ઈરિયાવહિયં | **જવાબ : જૈન સાધુ** |
| (૪) | આગાર | - | કાંટો | **જવાબ : છૂટ** |

(ગ) 'સાચું' છે કે 'ખોટું' તે લખો. ખોટું હોય તો સુધારીને લખો : (૪)

**જવાબ સાથે**

(૧) મહિયા એટલે ભાવથી સ્મરણ કરવું. **જવાબ : સાચું**

(૨) તીર્થંકર ભગવાન આઠ દાન દેનારા છે. **જવાબ : સાચું**

(૩) પાપના પગથિયાં ૧૮ છે. **જવાબ : ખોટું. ચાર પગથિયાં છે.**

(૪) સુવિધિનાથ સ્વામીનું બીજું નામ પુષ્પદંત પ્રભુ છે. **જવાબ : સાચું**

---

પ્રશ્ન - ૨ : (ક) **નીચેના પ્રશ્નોના જવાબ લખો :** (કોઈ પણ દસ) (૧૦) ૨૦

**જવાબ સાથે**

(૧) સુખ - દુઃખ કોના જેવું નાશવંત છે ? **જવાબ :** પાણીના પરપોટા જેવુ

(૨) મોક્ષમાં રહેલા આત્માને શું કહેવાય ? **જવાબ : અમર - અરૂપી**

(૩) મૃત્યુ સમયે સાચુ શરણું કોણ આપે ? **જવાબ : ધર્મ**

(૪) સેવા માટે કોને યાદ કરીશું ? **જવાબ : નંદીષેણમુનિ**

(૫) દરરોજ જમતાં પહેલાં કઈ ભાવના ભાવીશ ? **જવાબ : સાધુ - સાધ્વીજીને વહોરાવવાની ભાવના ભાવીશ.**

(૬) રોગોથી કોણ બચાવે ? **જવાબ : ડૉક્ટરો**

(૭) વિનય માટે કોને યાદ કરીશું ? **જવાબ : ગૌતમસ્વામી**

(૮) મોક્ષ કોને કહેવાય ? **જવાબ : જ્યાં જન્મ અને મૃત્યુ હોતાં નથી.**

(૯) આત્માને કોણ જોઈ શકે છે ? **જવાબ : જેઓ સ્વયં શુદ્ધ હોય તે.**

(૧૦) શું શું કાયમ ના ટકે ? **જવાબ : આરોગ્ય, સંબંધો, શરીર, સંપત્તિ, યુવાની.**

(૧૧) સચેત એટલે શું ? **જવાબ : જેમાં જીવ હોય તે.**

(૧૨) આ દુનિયા શાનાથી ભરેલી છે ? **જવાબ : દુઃખ, રોગ, કલેશ, અશાંતિ, ઘણી ચિંતાઓ અને ઉપાધિઓથી ભરેલી છે.**

**(ખ) નીચેના જવાબ લખો :** (૩)

(૧) જ્ઞાનવૃદ્ધિનો ચોથો, આઠમો અને નવમો બોલ લખો.

**જઃખ (૧) ૪થો : મૌન રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**
**૮મો : શીખેલું જ્ઞાન વારંવાર ફેરવવાથી જ્ઞાન વધે છે.**
**૯મો : પાંચ ઈન્દ્રિયોને વશ કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

(૨) અભિગમ એટલે શું ? ત્રીજો અભિગમ સમજાવો.

**જઃ (૨) અભિગમ એટલે પૂ. સાધુ-સાધ્વીજી પાસે જતાં અથવા રસ્તામાં મળે ત્યારે પાળવા યોગ્ય નિયમો.**

**(ગ) ખાલી જગ્યા પૂરો :** (૨)

(૧) શાલિભદ્ર જેવો .......... ક્યારે કરીશ ?

**જઃ ગ (૧) શાલિભદ્ર જેવો <u>ત્યાગ</u> ક્યારે કરીશ ?**

(૨) ........... તપ કરવાથી જ્ઞાન વધે છે.

**જઃ (૨) <u>કપટરહિત</u> તપ કરવાથી જ્ઞાન વધે છે.**

(૩) દુઃખથી ......... ના જવું.

**જઃ (૩) દુખથી <u>ડરી</u> ના જવું.**

(૪) .........પાપની પ્રવૃત્તિને સાવધયોગ કહે છે.

**જઃ (૪) <u>૧૮</u> પાપની પ્રવૃત્તિને સાવધયોગ કહે છે.**

(ઘ) હું કોણ છું તે કહો : (૫)

**જવાબ સાથે**

(૧) આનું પાલન કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. **જવાબઃ બ્રહ્મચર્ય**

(૨) આના જેવું સામાયિક ક્યારે કરીશ ? **જવાબઃ પુણિયા**

(૩) આ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. **જવાબઃ ઊંઘ**

(૪) મારે ત્યાં આનંદ જ આનંદ છે. **જવાબઃ મોક્ષ**

(૫) આના જેવું તપ ક્યારે કરીશ ? **જવાબઃ ધન્ના અણગાર**

---

**પ્રશ્ન - ૪ : વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખો :** (૫) ૧૦

(૧) વરસીદાન કોને કહે છે ?

**જઃ (૧) એક વર્ષ સુધી દાન આપી દીક્ષા અંગીકાર કરી, આ દાનને વરસીદાન કહે છે.**

(૨) મેઘમાળી દેવને કોનો ભય લાગ્યો ?

**જઃ (૨) મેઘમાળી દવને ધરણેન્દ્રનો ભય લાગ્યો.**

(૩) ચંપાપુરી નગરીના રાજા-રાણીનું નામ લખો.

**જઃ (૩) રાજા - દધિવાહન - રાણી - ધારિણી.**

(૪) ચંદનબાળા કેટલા સાધ્વીનાં ગુરુણી બન્યાં ?

**જઃ (૪) ચંદનબાળા ૩૬,૦૦૦ સાધ્વીનાં ગુરુણી બન્યાં.**

(૫) દીક્ષા લીધા બાદ નંદીષેણમુનિના વખાણ કોણ કરવા લાગ્યું ?

**જઃ (૫) દીક્ષા લીધા બાદ નંદીષેણમુનિના વખાણ દેવલોકના ઈન્દ્ર કરવા લાગ્યા.**

(૬) કોણ બોલે છે ? (૫)

૧. ધન્ય છે તમને મુનિ નંદીષેણ, તમારી સેવા ખરેખર અદ્‌ભુત અને અનન્ય છે.

**જઃ (૧) દેવો**

૨. અરે તાપસ ! તમે આ શું કરો છો ?

**જઃ (૨) ભગવાન પાર્શ્વનાથ.**

૩. અરે, આ તો મારી ભાણેજ વસુમતી !

**જઃ (૩) મૃગાવતી**

૪. અરે છોકરા ! તું કેવો બકવાટ કરે છે ?

**જઃ (૪) તાપસ**

૫. માફ કરજો મુનિરાજ ! મને આવતાં જરા મોડું થઈ ગયું છે.

**જઃ (૫) નંદીષેણમુનિ.**

---

પ્રશ્ન – ૫ : કાવ્ય પૂર્તિ કરો : ૧૦

(૧) મને વિદ્યા ...................... સંતાડું છું

**જઃ (૧) મને વિદ્યા દેનારા ગુરુને મેં શું આપ્યું :**
**દક્ષિણા દેવાનું, મેં યાદ નથી રાખ્યું**
**કદી ભેટો થઈ જાતાં, હું મોં સંતાડું છું.**

(૨) આચાર્ય ......................... રમનાર

**જઃ (૨) આચાર્ય દેવો નેતા સમાન છે, પાળે પળાવે આચાર બીજું..**
**ઉપાધ્યાયજી ભણે ભણાવે, જ્ઞાન બગીચે રમનાર.**

(૩) મોક્ષ અભિલાષી ................ વિશ્વાસ છે.

**જઃ (૩) મોક્ષ અભિલાષી આ જીવડો, વિનવે તુજને આજ રે**
**શરણે આવ્યા તારા અમે સહુ, તારામાં વિશ્વાસ છે.**

**જઃ (૪) જે સુખ પામ્યા કર્મ પ્રતાપે, ઝાઝું ઘણીને રહીશું સુખેથી,**
**યત્ન કરીશું પણ ના ફળે તો, માંગણી કોઈ ના કરીશું મુખેથી,**
**લઈ લેવાની (૨), જો દાનત જાગે, તો દાનવૃત્તિમાં અમે વાળવાના.**

॥ જય જિનેન્દ્ર ॥